# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-11-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) ભાઈ બહેનના પવિત્ર સંબંધના પ્રતિક ભાઈબીજ પર્વની આજે ઉજવણી કરાશે.
2) રાજ્યભરમાં ગઈકાલે હર્ષોલ્લાસ અને પરંપરાગત રીતે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી.
3) રાજ્ય સરકારે ડાંગ જિલ્લામા 35 કરોડ રૂપિયાથી વધુના કુલ 30 માર્ગના કામ મંજૂર કર્યા.
4) પશ્ચિમ રેલવે આજે સાબરમતી અને પટના વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે.
5) ગાંધીનગર મહાનગરપાલિકાના વાહનવેરા શાખાએ ચાલુ નાણાકીય વર્ષમાં નવ કરોડ રૂપિયા જેટલા વાહન વેરાની વસૂલાત કરી.

------------------------------------------------------------------------------------------

## OVER ALL NEW YEAR

સમગ્ર રાજ્યમાં ગઈકાલે વિક્રમ સંવત 2081નું નૂતન વર્ષ ઉર્ષોલ્લાસ અને આનંદમય વાતાવરણમાં ઉજવાયું.

પંચપર્વના આ દિવસોમાં લોકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ છવાયેલો છે. આજે ભાઈબીજનો તહેવાર ભાઈ-બહેનના પવિત્ર સંબંધોની સાક્ષી પૂરાવશે. ભાઈ-બહેનના ઘરે જમીને નવું વર્ષ શુભદાયી, ફળદાયી અને લાભદાયી નીવડે તેની શુભેચ્છા મેળવશે. ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમી ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે.

પૌરાણિક કથા અનુસાર યમરાજ બહેન યમુનાને મળવા આવ્યા ત્યારબાદથી ભાઇબીજની ઉજવણીની શરૂઆત થઇ ભાઇબીજમાં બહેન ભાઇને તીલક કરી નાળીયેર આપે છે અને ભાઇના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે. ગઈકાલે સવારથી શરૂ કરીને છેક મોડી સાંજ સુધી મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. મોટાભાગના મંદિરોમાં ભગવાનને નવા વાઘા પહેરાવી શણગાર કરાયો હતો તથા અવનવી રંગેબરંગી રોશનીથી આખું પરિસર જગમગતું જોવા મળ્યું હતું.

ઠેર ઠેર અન્નકૂટના દર્શનનો ભકતોએ લ્હાવો લીધો હતો. ગોવર્ધન પૂજા અને યજ્ઞ, હવન, આરતી સાથે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લોકો એકબીજાને નૂતન વર્ષાભિનંદન અને સાલમુબારકની શુભેચ્છા પાઠવતા જોવા મળ્યા હતા. અને એકબીજાને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરાવતા હતા. કેટલાંક લોકો તો વળી ધાર્મિક સ્થાનોએ અને ફરવા લાયક સ્થળોએ મોજ માણી રહ્યા છે.

---

## NEW YEAR – PM, Amit Shah And CM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, ગુજરાતી નવા વર્ષ નિમિત્તે ગુજરાતની જનતાને શુભેચ્છા પાઠવી હતી.**

**તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું કે, આ નવું વર્ષ તમારા જીવનમાં સુખ, સફળતા અને સમૃદ્ધિ લઈને આવે અને તમારું સ્વાસ્થ્ય સારું રહે એવી પ્રાર્થના.**

**કેન્દ્રિય ગૃહ અને સહકારિકતા મંત્રી અમિત શાહે ગઈકાલે અમદાવાદમાં થલતેજ ખાતે પોતાના નિવાસસ્થાને નવા વર્ષની લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના લોકોને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ નવું વર્ષ સમગ્ર રાજ્ય માટે શ્રેષ્ઠ અને સમૃદ્ધિમય બને તેમજ ગુજરાત દેશમાં સર્વાધિક પ્રગતિના નવા શિખરો સર કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.**

**સુરતમાં કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે પણ પોતાના નિવાસસ્થાને પક્ષના કાર્યકર્તાઓ અને શુભેચ્છકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.**

---

## YATRADHAM UJAVANI

નવા વર્ષે ભકતો ભગવાનના દર્શન કરી નવા વર્ષની શુભ શરૂઆત સાથે આવનારું વર્ષ દરેક માટે સારું જાય તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી.

રાજ્યના પ્રસિદ્ધ મંદિરો અંબાજી, દ્વારકા, પાવગઢ, ડાકોર, સોમનાથ, સાળંગપુર હનુમાન, ચોટીલા, શામળાજી, બહુચરાજી મંદિરોમાં નવા વર્ષ નિમિત્તે ખાસ શણગાર કરાયો છે. દ્વારકામાં દ્વારકાધીશોને શિશ નમાવી નવા વર્ષની શરૂઆત કરવા ભકતોનું ઘોડાપુર ઉમટયું છે.તો સોમનાથ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયું છે. અંબાજીમાં નવા વર્ષના પ્રારંભ જ મંગળા આરતીથી જ ભક્તો ભીડ જોવા મળી હતી.

યાત્રાધામ શામળાજીમાં નવા વર્ષના પ્રારંભે ભગવાન શામળીયાના દર્શન કરવા ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. શામળીયાને સોનાના આભુષણો સાથે શણગાર કરાયો છે.

સાળંગપુરમાં આવેલા શ્રી કષ્ટભજન દેવ હનુમાનજી મંદિરે પણ ભકતોની ભીડ જોવા મળી રહી છે. ગઈકાલે કષ્ટભજન દેવને સોનાના વાઘાથી શણગારવામાં આવ્યા હતા. નવા વર્ષે દાદાના દર્શન કરીને ભકતોએ ધન્યતા અનુભવી હતી. ગઈકાલે BAPS સ્વામિનારાયણ મંદિર શાહીબાગમાં એક હજાર 100થી વધુ વાનગીઓના અન્નકુટનનું આયોજન કરાયું હતું. અમદાવાદના ઇસ્કોન મંદિરમાં ગોવર્ધન પૂજા સાથે અન્નકુટનું આયોજન કરાયું હતું. તમામ યાત્રાધામો ઉપર દર્શનાર્થીઓની ભીડને જોતા તંત્ર દ્વારા તકેદારીના પગલાં પણ લેવાઇ રહ્યાં છે. પોલીસ ખડે પગે છે અને કોઇ પણ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે પોલીસ સજ્જ બની ગઇ છે.

---

## Dang Margo

**રાજ્ય સરકારે આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં 35 કરોડ 23 લાખ રૂપિયાના કુલ 30 માર્ગો મંજૂર કર્યા છે.**

**આ માર્ગોના કામોમાં આહવા તાલુકાના 12 માર્ગો વઘઇ તાલુકાના 8 અને પૂર્વપટ્ટીના સરહદી સુબીર તાલુકાના પાંચ માર્ગોનો સમાવેશ થાય છે. આ અંગે ડાંગના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક વિજય પટેલે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તમામ માર્ગો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવશે.**

---

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

---

# SPECIAL TRAIN

**પશ્ચિમ રેલવે આજે સાબરમતી અને પટના વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે.** પશ્ચિમ રેલ્વેએ છઠ પૂજા તહેવારને ધ્યાનમાં રાખીને, મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.

સાબરમતી-પટના સ્પેશિયલ સાબરમતીથી આજે સાંજે છ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે 10 વાગે પટના પહોંચશે. તેવી જ રીતે, પાંચમી નવેમ્બરે પટનાથી બપોરે એક વાગે ઉપડશે, ત્રીજા દિવસે સાજે સાડા પાંચ વાગે સાબરમતી પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, ગાંધીનગર-જયપુર, બાંદીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, અયોધ્યા, અકબરપુર, જૌનપુર સિટી, વારાણસી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર, આરા અને દાનાપુર સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ હશે.

---

## Gandhinagar Vehicle Tax

ગાંધીનગર મહાનગરપાલિકાના વાહનવેરા શાખા દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ 2024-25માં વાહન ખરીદનાર પાસેથી આજીવન વેરા પેટે નવ કરોડ રૂપિયા વાહનવેરો વસુલવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નોંધાયેલા વાહનો પર આજીવન વાહનવેરાની વસુલાત ચાલુ નાણાકીય વર્ષ 2024-25માં 30મી ઓક્ટોબર, 2024 સુધીમાં અત્રેની શાખાના અગિયાર કરોડના લક્ષ્યાંક સામે અગિયાર હજાર ચારસોથી વધુ વાહનધારકો પાસેથી કુલ નવ કરોડ રૂપિયા વેરા પેટે વસુલાયો છે. જે અગાઉના વર્ષ 2023-24માં આજ સમયગાળા દરમ્યાન ઓકટોબર- 23 સુધીના 7.64 કરોડ હતું. જે આ ચાલુ વર્ષે 17 ટકા વધુ છે.

દરમિયાન દિવાળીના તહેવારના છેલ્લા એક અઠવાડિયામાં 750 વાહનો પેટે સત્તાવન લાખ રૂપિયા અને ઓક્ટોબર મહિનામાં 2 હજાર 790 વાહનો પેટે બે કરોડ છ લાખ રૂપિયા વાહનવેરાની રકમ વસુલ કરવામાં આવી. જે ચાલુ વર્ષના લક્ષ્યાંકના 82 ટકા જેટલી વસુલાત થયેલ છે.

---

## Porbandar – Traffic Awareness

પોરબંદર રાજકોટ નેશનલ હાઈવે વનાણા ટોલ પ્લાઝા પાસે વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું નિયમિત પાલન કરવા અને હેલ્મેટ, સીટ બેલ્ટ પહેરવાથી થતાં ફાયદાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.

હાઈવે પર ગતિ મર્યાદામાં વાહન ચલાવવુ, રોંગ સાઈડમાં વાહન ન ચલાવવું, ડ્રાઈવિંગ સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, ઉજાગરા અને

થાકેલી સ્થિતિમાં વાહન ન ચલાવવું, શક્ય હોય તો રાત્રી દરમ્યાન મુસાફરી ટાળવી વિગેરે ટ્રાફિક નિયમો વિશે સમજ કરવામાં આવેલ હતી.

ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને ટ્રાફિકના નિયમો અંગેના પેમ્પલેટ્સ તેમજ ગુલાબના ફૂલ આપી દિવાળીની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

---

## Dahod & Botad Cow

બોટાદ તાલુકાના કારિયાણી ગામમાં છેલ્લા 300 વર્ષથી ઉજળી પરંપરા મુજબ ઢોલ નગારા અને ફટાકડાં ફોડીને ગાયો દોડવવામા આવે છે અને ગાયની ખરીની ધૂડ ગામના લોકોને નિરોગી રાખે છે અને જે ગોવાળની ગાય પ્રથમ આવે તેને પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવે છે. તો બીજીતરફ નવા વર્ષના પ્રારંભે એક જિલ્લાઓમાં અનેકવિધ પ્રાચીન પરંપરા મુજબ તહેવારની ઉજવણી કરાય છે. દાહોદ જિલ્લામાં ગાય ગોહરીનો ઉત્સવ ઉજવાય છે, તો બોટાદમાં પણ ગાયોને દોડાવવા તેમજ અધવ દોડ તેવી રમતોનું આયોજન કરાય છે.

---

## Porbandar – Market Yard

પોરબંદરમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીનો સમયગાળો દશમી નવેમ્બર સુધી લંબાવાયો છે. પોરબંદર જિલ્લાના ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી, વર્ષ 2024-25 માં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજ્ય સરકાર મારફત કરવામાં આવેલ છે.

પોરબંદર જિલ્લાના ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવા ત્રીસમી ઓકટોબર સુધી ખેડૂતોની નોંધણી કરવા જણાવ્યું હતું, જે આગામી દશમી નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે, ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ મારફત કરવામાં આવે છે.

પોરબંદર જિલ્લાના તમામ ખેડુત ભાઈઓએ લાભ લેવા અનુરોધ છે. વિવિધ ખરીદ કેન્દ્રો પર રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદથી અગિયાર નવેમ્બરથી આઠમી ફેબ્રુઆરી 2025 સુધી નક્કી કરવામાં આવ્યું છે.

---